## મે. ચાણસ્મા ના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ, મુ.ચાણસ્મા.

सत्यमेव जयते

ક્રિમીનલ કેસ નં. 1557/2025

આંકઃ

**ફરિયાદીઃ–** – શ્રી સરકાર.

**વિરૂદ્ધ**

**આરોપીઃ–** ૧. ઝાલા કનુજી વિજુજી
રહે. સુણસર, તા. ચાણસ્મા, જી. પાટણ

**ગુનોઃ–** – ધી પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(એ)(એ) મુજબનો.

**// ઠ રા વ //**

૧. આરોપી વિરૂદ્ધ **ધી પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(એ)(એ)** મુજબના ગુનાનો આરોપ મૂકવામાં આવેલ છે.

૨. ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ચાર્જશીટમાં જણાવેલ સમયે, સ્થળે અને તારીખે પોતાના કબજા ભોગવટામાં, ગેરકાયદેસરનો અને વગર પાસ પરમીટનો દેશી દારૂ રાખી, પોલીસ રેઈડ દરમિયાન હાજર ન મળી આવી, પાછળથી પકડાઈ જઈ, ધી પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(એ)(એ), ૧૧૬(બી), ૮૧ મુજબનો ગુનો કરેલ છે. જે ગુના સબંધે પોલીસે આરોપીની ધરપકડ કરી તપાસના અંતે પોલીસે આરોપી વિરૂદ્ધ હાલનું ચાર્જશીટ કરેલ છે.

૩. આજરોજ સદરહું કામે આરોપી હાજર થતાં તેને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ મુજબ પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે આપી પ્લી રેકર્ડ કરતાં આરોપીએ ગુનાની કબુલાત કરતી પુરસીસ આપેલ, જે કબુલાત પુરસીસ સ્વૈચ્છીક હોવાનું જણાતાં આરોપીને આક્ષેપિત ગુના માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

૪. વિ.એ.પી.પી.શ્રીની રજૂઆત ધ્યાને લીધી. કેસ પેપર્સ ધ્યાને લીધા. આરોપીની કબુલાત અને આરોપી તરફે થયેલ રજૂઆત તથા કબુલાત પુરસીસના કારણો ધ્યાને લેતાં, આરોપીનો આ પ્રથમ ગુન્હો છે. હવે પછી આવો ગુન્હો નહીં કરવાની ખાત્રી આપે છે. આરોપી ગરીબ વર્ગનો છે તથા ગુન્હો કર્યાનો તેને પસ્તાવો અને અફસોસ કરે છે અને દયાની અરજ ગુજારેલ છે. આમ, આરોપીના આર્થિક સંજોગો તેની સ્વૈચ્છિક કબુલાત ધ્યાને લેતાં, તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના ***"ગુજરાત રાજ્ય વિ. નટવર હરચંદજી"*** ના

કેસમાં **(જી.એલ.આર. ૨૦૦૫) (૧) પાના નં.૭૦૯)** આપેલ સમજૂતિ મુજબ આરોપી ઉપર દયા બતાવી કાયદામાં જણાવેલ સજા કરતાં હળવી સજા કરવા ખાસ અને પુરતા ગણી શકાય તેવા સંજોગો છે તેવું આ કોર્ટનું નમ્રપણે માનવું છે અને તે આધારે આરોપીની કબુલાત તથા દયા અરજ ગ્રાહ્ય રાખી હળવી સજા કરવામાં આવેશે તો ન્યાયનો હેતુ જળવાશે તથા કાયદાનો સજા કરવા પાછળનો સુધારાત્મક (રી–ફોરમેટીવ) હેતુને ધ્યાનમાં રાખી ન્યાયના હિતમાં, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>// હુકમ //</u>**

- **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૬૪** અન્વયે આરોપીને ધી પ્રોહીબીશન એક્ટની **કલમ–૬૫(એ)(એ)** મુજબના ગુનાના કામે દોષિત ઠરાવી **<u>રૂા. ૨૦૦/–</u> (અંકે રૂપિયા બસો પુરા)** નો દંડ ફરમાવવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો વધુ દિન–૩(ત્રણ) ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.
- મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.
- આરોપીના જામીન ખત રદ્દ ગણવા.

હુકમ આજરોજ તારીખ **<u>૧૧મી</u>** માહે **<u>જુલાઇ,</u>** સને **<u>૨૦૨૬</u>** ના રોજ નેશનલ લોક અદાલતમાં, સ્પેશ્યલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૧૧/૦૭/૨૦૨૬
સ્થળ – ચાણસ્મા

**( આર.એમ.ચાવડા )**
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
ચાણસ્મા
કોડ નં. જી. જે. ૦૧૫૨૪